## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ અન્નવસ્ત્રદાય નમ: || (૮૯)

## અન્ન અને વસ્ત્ર આપવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાને ગીતામાં કહ્યું છે-

અનન્યાચિંતયન્તોડમાં યે જના: પર્યુપાસ્તે |
તેષાં નિત્યાભિમુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ||

ભાવાર્થ : જે અનન્યભાવથી મારું ચિંતન કરીને મને ભજે છે, એવા એકનિષ્ઠ ભક્તોનો યોગક્ષેમ હું ચલાવું છું. અર્થાત્ આવા લોકોને અન્ન, વસ્ત્ર અને નિવાસસ્થાન હું આપું છું. '

ભગવાન બાબા આવું જ કાર્ય કરે છે. તેમના બાળપણમાં જ્યારે કોઈ ભિખારી દરવાજા સામે આવતો ત્યારે સ્વામી તેને ઘરમાંથી અન્ન લાવીને આપતા અથવા જરૂરિયાત મુજબ ઘરમાંથી કપડા લાવી આપતા. આના માટે માતા ઈશ્વર અમ્મા નાના સત્યાને વઢતા અને કહેતા-"જો તે આના પછી ઘરમાંથી અન્ન અથવા વસ્ત્ર કોઈ ભિખારીને આપ્યું, તો તને જમવા નહીં મળે." સત્યનારાયણને આ વાત માન્ય હતી. પરંતુ, તેમણે ગરીબોને અન્ન, વસ્ત્ર આપવાનું બંધ કર્યું નહીં.

આ જ ઉપક્રમ સ્વામીના આખા વિશ્વના ભક્તો ' નારાયણ સેવા' ના નામથી ચલાવે છે. સ્વામી કહે છે-"ગરીબ, ભૂખ્યા માણસને જો તમે અધ્યાત્મિક ઉપદેશ કરવા જશો તો તેને તેનો શું ઉપયોગ? તેના કરતા તેની ભૂખ સંતોષવી, અથવા તેનું શરીર ઢાંકવા માટે વસ્ત્રો આપવા, એ સર્વપ્રથમ તમારું કર્તવ્ય છે. ત્યાર પછી તેને તમે આધ્યાત્મિક સમજણ આપશો તો તેને તરત સમજાશે અને તે અધ્યાત્મના માર્ગ પર ચાલવા માટે પ્રેરિત થશે." આ જ ઉપદેશ સામે રાખીને તે પ્રમાણે વર્તન કરવાનો સર્વસ્વામી ભૂક્તો પ્રયત્ન કરતા હોય છે.

જ્યારે જ્યારે પ્રશાંતિનિલયમમાં કોઈ ઉત્સવ હોય છે ત્યારે ત્યારે ત્યાં નારાયણ સેવા કરવામાં આવે છે અને ગરીબ, જરૂરિયાતમંદ મજૂરોને વસ્ત્ર પણ આપવામાં આવે છે. તે વખતે તેમના ચહેરા પર દેખાતો આનંદ અને આંખોમાં દેખાતો કૃતજ્ઞતાનો ભાવ અવર્ણનીય હોય છે.

કેવળ આ જે લોકો નહીં, પરંતુ અન્ય ભક્તોને પણ જ્યારે સ્વામીના હાથથી અમૃત અથવા અન્ય કોઇ પ્રસાદ મળે છે, ત્યારે તેમને પણ ધન્ય થયા જેવું લાગે છે. સ્વામીએ સ્પર્શ કરેલો રૂમાલ મળવો, આ પણ એક અવર્ણનીય આનંદ છે. જે વ્યક્તિને આવો રૂમાલ મળે છે, તે વ્યક્તિ આ રૂમાલ ' મહા વસ્ત્ર ની જેમ સાચવીને રાખે છે.

અન્નદાનનું મહત્ત્વ સમજાવતી ટોરેંટોમાં ઘટેલી આ એક ઘટના. ટોરંટોમાં રહેનારા એક ભારતીય કુટુંબની આ સ્ત્રી સ્વામીભક્ત હતી. કોઈપણ કામ કરતી વખતે સતત સ્વામીનું સ્મરણ કરવું, આ તેની કાયમની આદત હતી. એક દિવસ સ્વામી તેના સપનામાં આવ્યા અને બોલ્યા-" તને અન્નપૂર્ણા બનાવું છું આટલું જ કહીને તે અદશ્ય થયા. જાગૃતાવસ્થામાં આવ્યા પછી જ્યારે તેને આ બધું યાદ આવ્યું ત્યારે તેને ઘણું આશ્ચર્ય થયું.

તેનું કારણ પણ તેવું જ હતું. ટોરંટોમાં રહેતા કેટલાક ભારતીય લોકો મહારાષ્ટ્ર મંડળ ચલાવતા હતા. આ મંડળ દ્વારા અનેક ધાર્મિક તેમજ સામાજિક કાર્ય કરવામાં આવતા. આ કામો સરળતાથી થાય તેના માટે તેમણે થોડાક પદો (હોદાઓ) નિર્માણ કર્યા હતા અને આ પદો પર નિમવામાં આવેલી વ્યક્તિ અન્યોની સહાયતાથી આખું વર્ષ કામ કરતી. દર ત્રણ વર્ષ પછી આ હોદ્દાઓ પરના વ્યક્તિઓની પસંદગી થતી અને નવી વ્યક્તિઓ એ પદ પર કામ કરતી અને આ જ વર્ષે તેની ચૂંટણી હતી. પણ તેને હજી વાર હતી અને સ્વામી સપનામાં આવ્યા હતા.

જ્યારે પ્રત્યક્ષ પસંદગી કરવાનો સમય આવ્યો ત્યારે, અન્ય પદો માટે બધા ઇચ્છુક હતા. પરંતુ ' અન્નપૂર્ણા ' ના પદ માટે એક પણ સ્ત્રી ઇચ્છુક ન હતી. કારણ કે અન્ય પદો માન સન્માનના હતા. પરંતુ આ એક જ પદ એવું હતું કે, આ પદની સ્ત્રીને આખા વર્ષમાં ત્યાં ચાલનાર ઉપક્રમ સમયે બધાના ભોજનની પ્રસાદની તેમજ ' નારાયણ સેવા ' ની જવાબદારી પોતે ઊભા રહીને પાર પાડવી પડતી અને તેથી જ આ પદ પર કામ કરવા માટે કોઈપણ રાજી નહોતું. છેલ્લે સર્વાનુમતે આ જ સ્ત્રી ને અન્નપૂર્ણા' નું શ્રી પદ સોંપવામાં આવ્યું, જેના માટે તે બિલકુલ તૈયાર નહોતી, તે છતાં.

સપનામાં સ્વામીએ કહ્યા મુજબ તેને આ પદ મળ્યું હતું અને તેણે એ સ્વામીની આજ્ઞા સમજીને આ પદની જવાબદારી સ્વીકારી હતી. એટલું જ નહીં, પરંતુ તેણે કામમાં એટલી સુધારણા કરી હતી, કે બધા જ લોકો તેના પર ખરી હતા. જ્યાં નારાયણ સેવા ' કરવામાં આવતી, ત્યાં હજુ પણ સારી રીતે કામ કરીને તેણે બધાની પ્રશંસા મેળવી હતી અને જ્યારે તેનો કાર્યકાળ પૂરો થવા આવ્યો ત્યારે તેણે આ પદ કાયમ માટે સંભાળવું, એવી તેના સહકારીઓ તરફથી વિનંતી થવા લાગી અને એક દિવસ ફરીથી સ્વામી તેના સપનામાં આવ્યા અને બોલ્યા-'તારા કામથી હું પ્રસન્ન છું. તે ' અન્નપૂર્ણા' નામને સાર્થક સાબિત કરતું કામ કર્યું છે ". આ સાંભળતા જ તેને પોતાનું કામ સાર્થક થયાનો આનંદ થયો.

૧૯૮૨ માં સ્વામી જ્યારે મુંબઈમાં આવ્યા હતા ત્યારે બે ડૉક્ટરોને તેમણે ધર્મક્ષેત્ર પર મુલાકાત આપી હતી. તે વખતે આ ડૉક્ટરોએ કુપોષણ વિશે ચિંતા વ્યક્ત કરતા પરમદયાળુ સ્વામીએ પોતે તેમને વિટામિનયુકત આહાર બનાવવાની રીત કહી હતી. શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાના મહિલા વિભાગ દ્વારા સ્વામીએ કહેલો આ આહાર બનાવવાની શરૂઆત થઈ. શેકેલી દાળ, આખા ફણગાવેલા મગ, ઘઉં, સિંગદાણા, તલ, સુંઠ, ઈલાયચી, ખાંડ, વગેરે, સામગ્રીમાંથી તૈયાર કરેલો આ આહાર ' સાઈ પ્રોટિન ફડ'

આજે પણ કામા, નાયર, ટાટા મેમોરિયલ, સાયન, શિવડીના હોસ્પિટલના બીમાર લોકોને તેમજ અનેક બાલવાડીઓમાં બાળકોને વિનામૂલ્ય આપવામાં આવે છે.

મહારાષ્ટ્રના સ્વામી ભક્તોએ કેવળ અન્નદાન ન કરતા, ગરીબ લોકોના નાના બાળકો માટે વિટામિનયુક્ત આહારની વ્યવસ્થા કરી છે. ' શ્રી સત્ય સાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રીકલ્ચર એન્ડ બાયોટેક્નોલોજી ' (Shri Satya Sai Institute of Agriculture and Biotechnology) સંસ્થાએ ' શ્રી સત્ય સાઈ પોષક આહાર ' નામનો પોષક આહાર તૈયાર કર્યો છે. જે સંગઠનની બાલવાડીઓમાં નાના બાળકોને દરરોજ બે વાર આપવામાં આવે છે. જેનાથી આ બાળકો કુપોષિત ન રહેતા તેમનો યોગ્ય પ્રકારે વિકાસ થાય.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||